# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા

## (મંગળવાર, તારીખઃ૨૯/૦૧/૨૦૧૯)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૯/૦૧/૨૦૧૯, મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી ના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ |
| ૬) | શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત |
| ૭) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૯) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાચી |
| ૧૦) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૧) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૨) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૩) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૪) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૫) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૬) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૭) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૮) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
|---|---|
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૫) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ(જાણ કરી) |
| ૬) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ(જાણ કરી) |
| ૭) | શ્રી રાહુલ આનંદ દલાલ |
| ૮) | શ્રી મનિષ એસ. પટેલ(જાણ કરી) |

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

સિન્ડિકેટ સભામાં સિન્ડિકેટ સભ્યશ્રીઓનો જે તે બાબતે વિરોધ કરવામાં આવ્યો હોય તેનો કાર્યનોંધમાં ઉલ્લેખ કરવો.

સિન્ડિકેટ સભાની કાર્યવાહી દરમ્યાન વિડીયો રેકોર્ડીંગની શકયતાઓ વિચારવા કુલપતિશ્રીને તે અંગે સમિતિ રચવાની સત્તા આપવામાં આવી અને તે સમિતિ ટર્મ્સ ઓફ રેફરન્સ પ્રમાણે ભલામણો કરશે.

(સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૧૫/૧૨/૨૦૧૮, શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ ૧ પૃ.૧ થી ૯)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૫/૧૨/૨૦૧૮,શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

શ્રી અલ્પેશ પુરોહિત અને શ્રી બિપીનચંદ્ર પી. પટેલે વિરોધ નોંધાવ્યો.

૨. તારીખઃ૧૭/૧૧/૨૦૧૮ અને તારીખઃ૧૫/૧૨/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ ૨(૧), ૨(૨))

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૭/૧૧/૨૦૧૮ અને તારીખઃ૧૫/૧૨/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.

શ્રી અલ્પેશ પુરોહિત અને શ્રી બિપીનચંદ્ર પી. પટેલે વિરોધ નોંધાવ્યો.

૩.0 આચાર્યશ્રી, ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમીમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ હોમિયોપેથિકનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.0 પૃઃ૧૦ થી ૧૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Fire safety of campus to be done.
- Guest faculty to be appointed.
- University approval to be done soon.

૩.૧ કા.આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૧ પૃઃ ૧૩ થી ૧૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Syndicate approval teaching staff(UGC Norms)must be appointed.
- Regular principal must be appointed.
- Gradual upgradation of hardware is recommended.
- Computer network to be establish.

૩.૨ કા.આચાર્યશ્રી, શ્રી અલ્પેશ એન. પટેલ પી.જી ઇન્સ્ટીટયુટ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે

ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૨ પૃઃ૧૬ થી ૧૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Gradual upgradation may be done.

૩.૩ કા.આચાર્યશ્રી, શ્રી અલ્પેશ એન. પટેલ પી.જી ઈન્સ્ટીટયુટ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી-વધારાનું ડીવીઝન)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૩ પૃઃ૧૯ થી ૨૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Above conditions to be fulfilled for additional division if number of students available.

૩.૪ આચાર્યશ્રી, એન. વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી-૫ વર્ષ)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૪ પૃઃ૨૨ થી ૨૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All the conditions are fulfilled Affiliation granted.

૩.૫ કા.આચાર્યશ્રી, વિનાયકા કોલેજ ઓફ આઇ.ટી એન્ડ મેનેજમેન્ટ, નડીયાદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત (બિડાણઃ ૩.૫ પૃઃ૨૫ થી ૨૭)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Full time regular principal to be appointed.

૩.૬ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૬ પૃઃ૨૮ થી ૩૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

-Latest books may be purchased.

૩.૭ કા.આચાર્યશ્રી, આણંદ મર્કન્ટાઇલ કોલેજ ઓફ સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે

પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩.૭ પૃઃ૩૧ થી ૩૩)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Operating System must br latest and language compiler should support the latest standards of language.
- New titles should be purchased in Library.
- Hardware configuration must be upgraded.
- Latest version of RDBMS must be use.

૩.૮ કા.આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૮ પૃઃ૩૪ થી ૩૬)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Full time princiapal to be appointed.
- Books/Ref. Books new to be purchased.
- Business news paper.

૩.૯ કા.આચાર્યશ્રી, એઇમ્સ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, બાકરોલમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(હોસ્પીટાલીટી મેનેજમેન્ટ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૯ પૃઃ૩૭ થી ૩૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Permanent Principal be appointed latest text books be purchased, Library be made more user friendly.
- Journals needs to be subscribed.
- Reference books be purchased.
- The recommendation of Previous committee not executed.

૩.૧૦ કા.આચાર્યશ્રી, આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ સ્ટડીઝ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૦ પૃઃ૪૦ થી ૪૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Full time principal to be appointed.
- Adhyapak Sahayak be appointed as per university norms.
- Reference book new to be purchased.

૩.૧૧ કા.આચાર્યશ્રી, આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ સ્ટડીઝ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(આઇ.એસ.એમ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૧ પૃઃ૪૩ થી ૪૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Full time principal to be nominated.
- Reference books be purchased amounting to Rs.20,000/-.
- Software updation & Installation latest required.

૩.૧૨ આચાર્યશ્રી, શ્રી આર. પી. આટર્સ, કે.બી.કોમર્સ અને શ્રીમતી બી.સી.જે સાયન્સ કોલેજ, ખંભાત માં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.કોમ(એકાઉન્ટન્સી)નો અનુસ્નાતક અભ્યાસ ક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૨ પૃઃ૪૬ થી ૪૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Suggested for Library Infrastructure including furniture.
- Suggested for Reference books in relevant subject.
- Suggested for Journals for the relevant Subject area.

૩.૧૩ કા.આચાર્યશ્રી, બી. એન. પટેલ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી , આણંદ માં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ ફીઝીયોથેરાપીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ૬૦+૪૦ (વધારાની સીટો)=૧૦૦ વિધાર્થીઓને પ્રવેશ સંખ્યા ફાળવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૩ પૃઃ૪૯ થી ૫૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- The Following(Staff)needs to be appointed: Principal-01, Professor-02, Associate Prof.-02,Tutors-06. However, the exact requirement should be met as per GSCPT & govt rules for 100 seats.
- S P University approval to be taken for all the other staff who haven't got approval.

૩.૧૪ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ ઓપ્ટોમેટ્રીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૪ પૃઃ૫૩ થી ૫૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All conditions have been fulfilled.

૩.૧૫ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૭ અને જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી એમ.ટી ફીઝીશીયન આસીસ્ટન્ટનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ

શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૧૫ પૃઃ૫૬ થી ૫૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- It is advisable to have inhouse medical OPD. Infrastructure and teaching program are satisfactory.

૩.૧૬ આચાર્યશ્રી, પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.ડી.(ફીઝીયોલોજી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૬ પૃઃ૫૯ થી ૬૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All the infrastructural facilities are available.

૩.૧૭ આચાર્યશ્રી, પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.ડી.(એનાટોમી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૭ પૃઃ૬૨ થી ૬૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All the infrastructural & other facilities are available and to be continued.

૩.૧૮ કા.આચાર્યશ્રી, શ્રી પી. એમ. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ બાયોસાયન્સીસ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એસ.વાય/ટી.વાય માઇક્રોબાયોલોજીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૮ પૃઃ૬૫ થી ૬૭)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Qualified syndicate approval staff to be appointed (03).

૩.૧૯ આચાર્યશ્રી, શ્રી પી. એમ. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પી.જી સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી માઇક્રોબાયોલોજી(એક વધારાનું ડીવીઝન)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૧૯ પૃઃ૬૮ થી ૭૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- 03 UGC approved Asso prof to be appointed.
- Lab facilities to be expanded.

**(નોંધ : બાબત ક્રમાંકઃ ૩.0 થી ૩.૧૯ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી હતી.)**

સભામાં થયેલી સર્વગ્રાહી અને તલસ્પર્શી ચર્ચા વિચારણાને અંતે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

૧. ઓન-ધ-સ્પોટ કમિટીએ આપેલા અહેવાલ સ્વીકારતા LIC એ દર્શાવેલ ત્રુટીઓ અને અગાઉ શરતોનું પરિપાલન ચૂસ્તપણે થયુ છે કે નહિ તે માટે ટાસ્ક ફોર્સની રચના કરવી. તદ અનુસાર બાબત ક્રમાંકઃ૩.૧, ૩.૯ અને ૩.૧૩ માટે ટાસ્ક ફોર્સ મોકલવી.
૨. ટાસ્ક ફોર્સની રચના કરવા કુલપતિશ્રીને સતા આપવી, ત્રુટીઓ વાળી કોલેજોની ટાસ્ક ફોર્સ મુલાકાત લેશે અને જેનો અહેવાલ સિન્ડિકેટમાં ચર્ચા બાદ નિર્ણય લેવાશે,
૩. જે કોલેજ માટે સિન્ડિકેટ ભલામણ કરશે તે કોલેજનું રાજ્ય સરકારશ્રીને જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડ્વા માટે ભલામણ કરશે.

બાબત ક્રમાંકઃ૩.0 થી ૩.૧૯ માટે શ્રી અલ્પેશ પુરોહીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

**(મહેકમ વિભાગ)**

૪. અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રો. એચ. પી. ત્રિવેદીએ તેઓના તારીખઃ૧૭/૧૧/૨૦૧૮ના પત્રથી તેઓના પુત્રને મળવા કેનેડા જવા તારીખઃ૨૨/૦૪/૨૦૧૯ થી તારીખઃ૧૩/૦૭/૨૦૧૯ સુધી ૮૩ દિવસની હકક રજાઓ મંજુર કરવા વિનંતી કરેલ છે. (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૧૦-૦૬-૨૦૧૯ થી તાઃ૧૩-૦૭-૨૦૧૯ સુધિની કુલ ૩૪ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રો. એચ. પી. ત્રિવેદીએ તેઓના તારીખઃ૧૭/૧૧/૨૦૧૮ના પત્રથી તેઓના પુત્રને મળવા કેનેડા જવા તારીખઃ૨૨/૦૪/૨૦૧૯ થી તારીખઃ૧૩/૦૭/૨૦૧૯ સુધી ૮૩ દિવસની હકક રજાઓ મંજુર કરવા વિનંતી કરેલ છે. (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૧૦-૦૬-૨૦૧૯ થી તાઃ૧૩-૦૭-૨૦૧૯ સુધિની કુલ ૩૪ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરવી  તથા તેમની પાસેથી નિયમોનુસાર બોન્ડ લેવું.

**(મહેકમ વિભાગ)**

૫. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઇ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| અનુ. | નામ, હોદ્દો અને વિભાગ | બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ |
|---|---|---|
| ૧. | ડૉ. પ્રજ્ઞેશકુમાર નિરંજનભાઈ દવે<br>પ્રોફેસર, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ | ૦૮-૦૨-૨૦૧૯ |
| ૨. | ડૉ. હિતેશ અલજીભાઈ પરમાર, આસિસ્ટન્ટ પ્રોફેસર<br>અનુસ્નાતક એમ. બી. એ. વિભાગ | ૨૨-૦૨-૨૦૧૯ |
| ૩. | ડૉ. વિલાસ વસંતરાવ કુલકર્ણી, એસોસીએટ પ્રોફેસર<br>અનુસ્નાતક એમ. બી. એ. વિભાગ | ૧૭-૦૧-૨૦૧૯ |

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યસુચીમાં દર્શાવેલ ક્રમાંક ૧ થી ૩માં દર્શાવેલ કર્મચારીઓનો અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઇ સંબંધકર્તા તારીખથી તેઓને કાયમી જગ્યા ઉપર કાયમી તરીકેનો આદેશ બહાર પાડવો.

૬. એસ્ટેટ વિભાગમાં ઈજનેરશ્રીને Technical Advisorની સેવાઓ ઉપલબ્ધ કરાવવા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરશ્રી એન. કે. ઓઝાની ટેકનીકલ એડવાઇઝર તરીકે નિમણૂંક કરવી, તેમજ તેઓને માનધન ઉપરાંત ટી.એ(ટ્રાવેલ્સ અલાઉન્સ-ફોર વ્હીલર) ચૂકવવા માટે યોગ્ય તે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.
શ્રી અલ્પેશ પુરોહીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

(એકેડેમિક વિભાગ)

૭. સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ભલામણ પત્ર(ઓન લાઇન નકલ) તારીખઃ૧૮/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃકવટ/આઇએસસી-૮/ભરતી/૨૦૧૮/૩૨૯૭૫-૭૯થી ડૉ. કમલેશ શશીકાન્ત દવેની મોતીલાલ ડાહ્યાભાઇ શાહ કોમર્સ એન્ડ ભીખુભાઇ દલાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, મહુધામાં **આચાર્ય** તરીકેની નિમણુંકને પૂર્વ મંજૂરી આપેલ છે. જેના સંદર્ભમાં પ્રમુખશ્રી, મહુધા કેળવણી મંડળ, મહુધાએ ડૉ. શશીકાન્ત દવેની સદર કોલેજમાં આચાર્યશ્રી તરીકે કરેલ નિમણુંકને મંજુરી આપવા કાર્યકારી આચાર્યશ્રી એમ.ડી. શાહ કોમર્સ એન્ડ બી.ડી. પટેલ આર્ટ્સ કોલેજ, મહુધાએ તેઓના તારીખઃ૧/૧/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ૧૪૩/૨૦૧૮-૧૯થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કમલેશ શશીકાન્ત દવેની મોતીલાલ ડાહ્યાભાઇ શાહ કોમર્સ એન્ડ ભીખુભાઇ દલાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, મહુધામાં આચાર્ય તરીકેની કરેલ નિમણુંકને માન્યતા આપવી.

૮. કાર્યકારી આચાર્યશ્રી, મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદના તારીખઃ ૨૩/૧૦/૨૦૧૮ના પત્ર નં.૨૮૧/ ૨૦૧૮થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Anilkumar Tulsiram Amarpata<br>બી.એ. (અંગ્રેજી) ૨૦૦૭ ૪૪.૨૨%<br>એમ.એ. (અંગ્રેજી) ૨૦૦૯ ૬૫.૬૩%<br>બી.એડ્. ૨૦૧૧ ૭૭%<br>એમ.એડ્. ૨૦૧૩ ૬૪.૨૮%<br>**યુજીસી-નેટ(એજ્યુકેશન) ૨૦૧૮** | Adhyapak Sahayak in English | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Rajneesh Prasad Shukla<br>બી.એસસી. ૨૦૦૪ ૫૧.૪૮%<br>એમ.એસસી. (ગણિત) ૨૦૦૬ ૫૬.૬૬%<br>બી.એડ્. ૨૦૦૭ ૬૪.૫૦%<br>એમ.એડ્. ૨૦૦૮ ૭૦%<br>**યુજીસી-નેટ(એજ્યુકેશન) ૨૦૧૮** | Adhyapak Sahayak in Mathematics | લાયકાત ધરાવે છે. |
| ૩. | Vivek Prakash Shukla<br>બી.એસસી. ૨૦૦૬ ૫૩.૭૭%<br>એમ.એસસી. (ઝુલોજી) ૨૦૦૮ ૫૬.૫૮%<br>બી.એડ્. ૨૦૦૯ ૭૩.૬૦%<br>એમ.એડ્. ૨૦૧૦ ૬૬%<br>**યુજીસી-નેટ(એજ્યુકેશન) ૨૦૧૮** | Adhyapak Sahayak in Science | લાયકાત ધરાવે છે. |
| ૪. | Jai Singh Raja Ram<br>બી.એ. (હિન્દી) ૨૦૦૧ ૫૫.૯૨%<br>એમ.એ. Ancient History (Culture & Archaeology) ૨૦૦૩ ૫૭%<br>બી.એડ્. ૨૦૦૪ ૬૫.૩૭%<br>એમ.એડ્. ૨૦૦૬ ૬૨.૫૭%<br>**યુજીસી-નેટ(એજ્યુકેશન) ૨૦૦૭** | Adhyapak Sahayak in Social Science | લાયકાત ધરાવે છે. |
| ૫. | Ajaykumar Sharma<br>બી.એ. (હિન્દી) ૨૦૦૩ ૫૨.૧૧%<br>એમ.એ. (હિન્દી) ૨૦૦૫ ૫૬.૮૦%<br>બી.એડ્. ૨૦૦૬ ૬૪%<br>એમ.એડ્. ૨૦૦૮ ૭૧.૪૨%<br>**યુજીસી-નેટ(એજ્યુકેશન) ૨૦૦૮** | Adhyapak Sahayak in Hindi | લાયકાત ધરાવે છે. |

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદમાં ઉપરોક્ત ક્રમાંકઃ ૧ થી ૫ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.

૯. કાર્યકારી આચાર્યશ્રી, આણંદ આર્ટ્સ કોલેજ, આણંદના તારીખઃ૧૪/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ ૩૮૭/૦૮/૨૦૧૮થી તેમની કોલેજમાં (૧) ઈતિહાસ વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Bhavna Ramanbhai Prajapati (૨) અંગ્રેજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Mitalben Josephbhai Macwan (૩) મનોવિજ્ઞાન વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Jitubhai Rajabhai Khaniya તથા (૪) શારીરિક શિક્ષણ વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Devashibhai Valajibhai Zapadiyaએ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત

પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ + ૬૦૦૦ ગ્રેડ પે)માં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે પત્રકમાં દર્શાવેલ કોલેજના નામ સામે નિર્દેશ કરેલ અધ્યાપકોને રાજ્ય સરકારશ્રી તરફથી જે તે વિષયના અધ્યાપક તરીકે માન્યતા આપવામાં આવેલ છે તેને ધ્યાને લઇ અધ્યાપકોને યુનિવર્સિટીની માન્યતા આપવી.

| ક્રમાંક | કોલેજ નું નામ | અધ્યાપક્નું નામ | વિષય |
|---|---|---|---|
| ૧. | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ | Dr. Bhavna Ramanbhai Prajapati | ઈતિહાસ |
| | | Mitalben Josephbhai Macwan | અંગ્રેજી |
| | | Dr. Jitubhai Rajabhai Khaniya | મનોવિજ્ઞાન |
| | | Devashibhai Valajibhai Zapadiya | શારીરિક શિક્ષણ |

૧૦. આચાર્યશ્રી, લેટ રતિભાઇ પ્રભુદાસ પટેલ નર્સિંગ કોલેજ, ઓડના તારીખઃ૩/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ LRPPNC/1264/2018થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા આચાર્યશ્રીએ કરેલ વિનંતી ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત;

**આચાર્યશ્રી, લેટ રતિભાઇ પ્રભુદાસ પટેલ નર્સિંગ કોલેજ, ઓડ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Gupta Chetan Devendrakumar<br>બી.એસસી. નર્સિંગ ૨૦૦૮ ૭૦.૨૬%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૧ ૬૯.૩૩%<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૫ વર્ષ ૧૧ માસ આસી.પ્રોફેસર<br>૨ વર્ષ ૨ માસ કાર્યકારી આચાર્ય | Associate Professor | લાયકાત ધરાવે છે. |
| ૨. | Patel Rinkuben Vasantkumar<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૧ ૬૯.૬૬%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૫ ૭૬.૫૦%<br>**શૈક્ષણિક અનુભવઃ**૩ વર્ષ ૨ માસ આસી.પ્રોફેસર | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૩. | Patel Daxeshkumar Kanubhai<br>ડિપ્લોમાં નર્સિંગ ૨૦૦૮ ૬૩.૮૩%<br>પોષ્ટ બી.એસસી. નર્સિંગ ૨૦૧૪ ૭૧.૭૫%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૬ ૭૨.૫૦%<br>**શૈક્ષણિક અનુભવઃ**૨ વર્ષ નર્સિંગ ટ્યુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૪. | Chavda Bhumikaben Prafulbhai<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૪ ૬૩%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૭ 7.72 CGPA<br>**શૈક્ષણિક અનુભવઃ**૨ વર્ષ ૧ માસ નર્સિંગ ટ્યુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૫. | Soni Niralibahen Narendrakumar<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૪ ૬૬.૮૩%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૭ ૬૩.૩૦%<br>**શૈક્ષણિક અનુભવ**:૧ વર્ષ ૫ માસ નર્સિંગ ટયુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૬. | Bhatt Pinak Bhudev<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૫ ૭૪.૮૫%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૮ ૬૫.૬૬%<br>**શૈક્ષણિક અનુભવ**:૧ વર્ષ ૫ માસ નર્સિંગ ટયુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૭. | Soni Vaibhav Laxmi Narayan<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૫ ૭૬.૫૭%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૮ ૭૨.૩૩%<br>**શૈક્ષણિક અનુભવ**:૧ વર્ષ નર્સિંગ ટયુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૮. | Jadav Rinal William<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૫ ૬૩.૫૦%<br>એમ.એસસી. નર્સિંગ ૨૦૧૮ 7.44 CGPA<br>**શૈક્ષણિક અનુભવ**:૧ વર્ષ નર્સિંગ ટયુટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૯. | Rajput Pratikkumar Vinodchandra<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૪ ૬૩.૩૩%<br>**શૈક્ષણિક અનુભવ**:૪ વર્ષ નર્સિંગ ટયુટર કમ કિલનીકલ ઇસ્ટ્રકટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૧૦. | Patel Kinjalben Mahendrabhai<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૭ ૬૯.૩૩%<br>**શૈક્ષણિક અનુભવ**:૧ વર્ષ નર્સિંગ ટયુટર કમ કિલનીકલ ઇસ્ટ્રકટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| ૧૧. | Patel Palakben Harshadkumar<br>બી.એસસી. નર્સિંગ ૨૦૧૭ ૬૭.૫૦%<br>**શૈક્ષણિક અનુભવ**:૧૦ માસ નર્સિંગ ટયુટર<br>૨ માસ નર્સિંગ ટયુટર કમ કિલનીકલ ઇસ્ટ્રકટર | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ લેટ રતિભાઇ પ્રભુદાસ પટેલ નર્સિંગ કોલેજ, ઓડમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૧૧ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

**૧૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-**
**(૧) (મંજુરી આપ્યા તા. ૨૬/૧૨/૨૦૧૮) (મહેકમ વિભાગ)**

**સરદાર પટેલ યુનિવર્સિટી વહિવટી કર્મચારી મંડળના પ્રમુખ તેમજ મંત્રીની સંયુક્ત સહિથી તા. ૦૬/૧૨/૨૦૧૮ પત્ર નંબર : ૨૦૧૮/૨૬થી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના યજમાન પદે તા. ૨૮/૧૨/૨૦૧૮ થી તા. ૩૦/૧૨/૨૦૧૮ દરમ્યાન આયોજીત ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જવા માટે સરદાર પટેલ યુનિવર્સિટી વહિવટી કર્મચારી માટે ક્રિકેટ તેમજ અન્ય રમતો માટે કુલ રૂ.૩૦,૦૦૦/- ખર્ચ પેટે મંજૂર કર્યાના તથા યુનિવર્સિટી દ્વારા ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા મંજુર કર્યાના.**

(૨) **(મંજુરી આપ્યા તા. ૦૨/૦૧/૨૦૧૯)** (સિન્ડિકેટ **વિભાગ)**
**નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજમાં ભૂગોળ વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ચાલુ રાખવા બાબત.**

(નોંધઃ

૧. નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર કોલેજ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ છે અને ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલીત છે.
૨. સદર ટ્રસ્ટની તા.૨૮/૦૯/૨૦૧૭ની ગવર્નિંગ બોડીની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૭.૫ : ૧૫થીઆ સંસ્થાની નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજમાં ભૂગોળ વિષયને કાયમી ધોરણે બંધ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા આચાર્યશ્રીને સત્તા આપવામાં આવી હતી.
૩. સદર કોલેજના આચાર્યશ્રીએ તા.૨૬/૦૪/૨૦૧૮થી પત્ર લખી યુનિવર્સિટીને આ અંગે જાણ કરી હતી.
૪. જેના અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ફકત પ્રથમ વર્ષમાં ભૂગોળ વિષયમાં પ્રવેશની કામગીરી થઇ શકી નહતી.
૫. સદર કોલેજ ગ્રાન્ટ-ઇન-એઇડ હોવાથી, તા.૨૨-૦૫-૨૦૧૮ની સિન્ડિકેટ સભાના ઠરાવ-૧૧ અનુસાર રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવી.
૬. તા.૪-૮-૨૦૧૮ના રોજ પત્રાંકઃકે.૧/૨૭૫૩થી સદર બાબતે રાજય સરકારશ્રીને દરખાસ્ત મોકલવામાં આવી હતી, જેનો પ્રત્યુતર યુનિવર્સિટીને મળ્યો નથી.
૭. તા.૩૧/૧૨/૨૦૧૮ના પત્રાંકઃચાવિમં/૩/૨૦૧૮/૫૫૩૨-૩૩થી ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રીશ્રીનો પત્ર યુનિવર્સિટીને મળ્યો છે, જેના અનુસંધાનમાં સદર કોલેજમાં ભૂગોળ વિષય ગૌણ અને મુખ્ય વિષય તરીકે ચાલુ રાખવો અને તદ્અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ભૂગોળ વિષયમાં સદર કોલેજમાં પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.)

(૩) **(મંજુરી આપ્યા તા. ૧૬/૦૧/૨૦૧૯) (જનરલ વિભાગ)**
**સરદાર પટેલ યુનિવર્સિટી અંતર્ગત સ્થપાયેલ ચેર (૧) સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ(ચેર) (૨) પૂ. શ્રી મોટા શિક્ષણ ચિંતન વિસ્તરણ પીઠ(ચેર) (૩) પૂ. ભાઇકાકા અધ્યયન એકમ પ્રકલ્પ(ચેર)ના ચેર પર્સનની મુદ્દત તા. ૩૧/૦૧/૨૦૧૯ના રોજ પૂરી થતી હોઈ નવા ચેરપર્સનની નિમણૂંક બાબત મંજૂર કર્યાના.**

| ચેર | પૂર્વ મુદ્દત | નવી મુદ્દત |
|---|---|---|
| સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ(ચેર)<br>ચેરપર્સન : ડૉ. હસિત મહેતા | ૦૧/૦૨/૨૦૧૬<br>થી<br>૩૧/૦૧/૨૦૧૯ | ૦૧/૦૨/૨૦૧૯<br>થી<br>૩૧/૦૧/૨૦૨૨ |
| પૂ. શ્રી મોટા શિક્ષણ ચિંતન વિસ્તરણ પીઠ(ચેર)<br>ચેરપર્સન : ડૉ. નીપા ભટ્ટ્યા | ૦૧/૦૨/૨૦૧૬<br>થી<br>૩૧/૦૧/૨૦૧૯ | ૦૧/૦૨/૨૦૧૯<br>થી<br>૩૧/૦૧/૨૦૨૨ |
| પૂ. ભાઇકાકા અધ્યયન એકમ પ્રકલ્પ(ચેર)<br>ચેરપર્સન : ડૉ. શિવાની મિશ્રા | ૦૧/૦૨/૨૦૧૬<br>થી<br>૩૧/૦૧/૨૦૧૯ | ૦૧/૦૨/૨૦૧૯<br>થી<br>૩૧/૦૧/૨૦૨૨ |

**(નોંધ : તા. : ૧૯/૧૨/૨૦૧૮ની કાર્યાલય નોંધથી કુલપતિશ્રીએ ઉપરોક્ત નિમણૂંકો પુનઃ મંજૂર કરેલ છે.)**

કુલપતિશ્રીએ ઉપરોકત મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ૧૧.૧ થી ૧૧.૩ ને બહાલી આપવામાં આવી.

શ્રી અલ્પેશ પુરોહીતે સરદાર પટેલ અધ્યયન એક્મ પ્રકલ્પ(ચેર)ના ચેરપર્સનની પુનઃનિયુક્તિ બાબતે વિરોધ નોંધાવ્યો હતો.

**(એસ્ટેટ વિભાગ)**

૧૨. સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે નિર્માણાધિન સ્વીમીંગ પુલના વાર્ષિક નિભાવણી, સ્વીમીંગ કોચ તથા અન્યસ્ટાફની નિમણુંક, વપરાશ કર્તા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ, યુનિવર્સિટીના કર્મચારીઓ તથા નાગરીકો માટે સ્વીમીંગ પુલ વપરાશ કરવા અંગેના ફીના ધોરણો નકકી કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૩.૨૦ પૃઃ ૭૧ થી ૭૨)

લંબાણ પૂર્વકની તમામ પાસાઓને ઉપર ચર્ચા-વિચારણા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું

૧. સ્વીમીંગ પુલનું સંપૂર્ણ બાંધકામ તથા તેની આનુસાંગિક કાર્યવાહી પૂર્ણ કરવા માટે નિયુકત કોન્ટ્રાકટરને ૧ માર્ચ, ૨૦૧૯ની ડેડ લાઇન આપવા પત્ર લખીને જાણ કરવી.

૨. સ્વીમીંગ પુલ માટે વિવિધ પ્રકારની હરિફાઇ, તેનો વપરાશ માટની ફી, AMC (Annual Maintainance Contract) તથા અન્ય ધારા ધોરણો નકકી કરવા નીચેના સભ્યશ્રીઓની સમિતિની રચના કરવામાં આવી.

૧. શ્રી રાજેશભાઇ પટેલ ૨. શ્રી સુનિલભાઇ શાહ ૩. ર્ડા ભાવેશ પટેલ

સદર બાબતે શ્રી અલ્પેશ પુરોહીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

**(એકેડેમિક વિભાગ)**

૧૩. શ્રી ભાઇકાકા ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રામાં અંગ્રેજી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે Pankajkumar Bhimabhai Solankiની ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી થતાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે (રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ - ૬૦૦૦ - એજીપી) પગાર ધોરણમાં સીધી ભરતી દ્વારા કરેલ નિમણૂંકને યુનિવર્સિટીની માન્યતા માટે આચાર્યશ્રી, શ્રી ભાઇકાકા ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રાના તારીખઃ૧૨/૧/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ સવિવાકો/મકમ/૨૦૧૮-૧૯/૨૪૪થી કરેલ વિનંતી પર ચર્ચા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ભાઇકાકા ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રામાં અંગ્રેજી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે Pankajkumar Bhimabhai Solankiની ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી થતાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે (રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ - ૬૦૦૦ - એજીપી) પગાર ધોરણમાં સીધી ભરતી દ્વારા કરેલ નિમણૂંકને માન્યતા આપવી.**

**(હિસાબ વિભાગ)**

૧૪. તા.૨૩/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ :૪)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૩/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવી, અને સૂચિત બજેટમાં સુધારા-વધારા પૂર્ણ કરી આગામી સેનેટમાં સુધારા સહિતનું બજેટ રજૂ કરવું.
સુધારા વધારા માટે સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. વિજય વનાર, શ્રી સુનિલ શાહ તથા શ્રી યજ્ઞેશ દલવાડી ચીફ એકાઉન્ટ ઓફીસરને માર્ગદર્શન પુરુ પાડશે.
સૂચિત બજેટની મંજૂરી બાબતે શ્રી અલ્પેશ પુરોહિતે વિરોધ નોંધાવ્યો.

(**એકેડેમિક વિભાગ**)

૧૫. માનદ્ મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના તારીખઃ ૨૨/૧/૨૦૧૯ના પત્ર નં. SRKSM/158/2018-19થી કરેલ વિનંતી અનુસાર તેમના મંડળ સંચાલિત આણંદ લો કોલેજ, આણંદમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

**આણંદ લો કોલેજ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Mehta Kapil Pravinchandra<br>બી.ઇ. (પાવર ઇલેક્ટ્રોનીકસ) ૨૦૧૩ 6.06 CPI<br>એમ.બી.એ. ૨૦૧૭ 7.02 CPI<br>**જીસેટ (મેનેજમેન્ટ) ૨૦૧૮** | Assistant Professor in Management | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ આણંદ લો કોલેજ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૬. માનદ્ મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના તારીખઃ ૨૨/૧/૨૦૧૯ના પત્ર નં. SRKSM/157/2018-19થી કરેલ વિનંતી અનુસાર તેમના મંડળ સંચાલિત આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝ, આણંદમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

**આણંદ લો કોલેજ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Thombre Madhura Milind<br>ફાઇ ઇયર લો ૨૦૧૪ ૬૦%<br>માસ્ટર ઓફ લો ૨૦૧૬ ૭૧.૭૫%<br>**જીસેટ (લો) ૨૦૧૬, યુજીસી-નેટ (લો) ૨૦૧૮** | Assistant Professor in Law | લાયકાત ધરાવે છે. |
| ૨. | Shah Nileshkumar Vitthaldas<br>બી.એસસી. (ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી) ૧૯૯૧ ૫૨.૬૦% | Assistant Professor in | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | એલએલ.બી.(જનરલ) ૨૦૦૦ ૫૭.૬૬%<br>એલએલ.બી.(સ્પેશીયલ) ૨૦૦૧ ૬૦%<br>માસ્ટર ઓફ લો ૨૦૦૫ ૫૫%<br>એલએલ.એમ. (ક્રીમીનલ લો) ૨૦૧૪ ૭૬.૭૦%<br>**જીસેટ (લો) ૨૦૧૮** | Law | |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ આણંદ લો કોલેજ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી૨ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૭. કાર્યકારી નિયામકશ્રી, શ્રી એ.એન.પટેલ પી.જી.ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીચર્સ, આણંદના તારીખઃ ૨૨/૧/ ૨૦૧૯ના પત્ર નં. ANP/2018-19/284થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી એ.એન.પટેલ પી.જી.ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીચર્સ, આણંદ**

| અ.નં. | **નામ અને લાયકાત** | **નિમણૂંકનો હોદ્દો** | **શેરો** |
|---|---|---|---|
| ૧. | Patel Vrushali Dharmendrdakumar<br>બી.એસસી. (માઇક્રોબાયોલોજી) ૨૦૧૬ ૬૮.૨૦%<br>એમ.એસસી. એમ.ટી. (સીએલટી) ૨૦૧૮ ૭૭.૦૪% | Tutor in M.Sc. (MLT) | લાયકાત ધરાવે છે. |
| ૨. | Patel Niral Sitaram<br>બી.એસસી. એમ.ટી. (સીએલટી) ૨૦૧૩ ૭૯.૩૩%<br>એમ.એસસી. એમ.ટી. (સીએલટી) ૨૦૧૫ ૭૮.૮૫% | Tutor in M.Sc. (MLT) | લાયકાત ધરાવે છે. |
| ૩. | Johnson George<br>બી.એસસી. (મેથેમેસ્ટીકસ) ૨૦૧૩ ૭૯%<br>એમ.એસસી. (મેથેમેસ્ટીકસ) ૨૦૧૫ ૭૭.૧૦%<br>એમ.ફીલ. (મેથેમેસ્ટીકસ) ૨૦૧૬ ૬૪.૩૦%<br>**યુજીસી-નેટ (મેથેમેટીકલ સાયન્સ) ૨૦૧૭** | Assistant Professor in M.Sc. (Mathematiacs) | લાયકાત ધરાવે છે. |
| ૪. | Vaidya Yati Hemantkumar<br>એમ.એસસી. (ઇન્ટીગ્રેટેડ)(બાયોટેકનોલોજી) ૨૦૧૧ ૬૭.૪૯%<br>**પી.એચડી. (જીનેટીક્સ) ૨૦૧૭** | Assistant Professor in M.Sc. (Microbiology) | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ શ્રી એ.એન.પટેલ પી.જી.ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીચર્સ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૪ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

**(પરીક્ષા વિભાગ)**

**૧૮. યુનિવર્સિટી પરીક્ષા નવેમ્બર-૨૦૧૭માં એમ.એસ.સી. ઇન્ફોર્મેશન ટેકનોલોજી, દ્વિતીય સેમેસ્ટરના PS02CINT02 Software Engineering પ્રશ્નપત્રમાં યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૧૫માં લેવાયેલ પરીક્ષાના પ્રશ્નપત્રની ૧૦૦% નકલ બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા નીમેલ તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ :૫ પૃઃ ૭૩ થી ૭૪)**

**સમિતિ દ્વારા નીચે મુજબની ભલામણ કરવામાં આવી હતી.**

યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એપ્રિલ-૨૦૧૫નું આખુ પેપર કોઇપણ પ્રકારની કાળજી લીધા વગર બેઠું નવેમ્બર-૨૦૧૭ની પરીક્ષામાં પૂછેલ હતું, જે યુનિવર્સિટીની પરીક્ષા પ્રણાલીકાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવું હતું. જેથી શ્રી મૌલીકભાઇ એન. પંડ્યા તથા શ્રી મૌલીનભાઇ પંજાબીને આ સમિતિ પરીક્ષાલક્ષી તમામ કાર્યો માંથી અગામી ત્રણ વર્ષ માટે બાકાત કરવા ભલામણ કરે છે. વધૂમાં ભલામણ કરે છે કે તેમને સદર પરીક્ષામાં મળેલ તમામ વિષયોનું મહેનતાણૂં યુનિવર્સિટીમાં જમા કરાવવા જાણ કરવી.

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી દ્વારા નિયુકત તપાસ સમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરવો અને તદ્અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**સદર બાબતે શ્રી અલ્પેશ પુરોહિત અને શ્રી બિપીનચંદ્ર પી. પટેલે વિરોધ નોંધાવ્યો.**

**૧૯. શ્રી જીગર મહેન્દ્રભાઈ સોલંકી બી.એસ.ડબલ્યુ, દ્વિતીય સેમેસ્ટર શ્રી જે.એમ. પટેલ ઇન્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક એન્ડ એપ્લાઇડ આર્ટસ, આણંદના આંતરીક કસોટી માર્કસની વિસંગતતા બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા નીમેલ તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ :૬ પૃઃ ૭૫ થી ૮૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી દ્વારા નિયુકત તપાસ સમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરવો અને તદ્અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**સમિતિ દ્વારા નીચે મુજબના અવલોકનો તથા ભલામણો કરવામાં આવી હતી.**

સમિતિ દ્વારા સદર બાબતે કોલેજ દ્વારા જમા કરાવેલ તમામ દસ્તાવેજો જેવા કે વિદ્યાર્થીના ઇન્ટરનલ માર્કસ બાબતના પત્રો, વિદ્યાર્થીની ઇન્ટરનલ પરીક્ષાની ઉત્તરવહીઓની નકલ, આંતરીક કસોટીના પ્રશ્નપત્રો, આંતરીક કસોટીનું ટાઇમ ટેબલ, વિદ્યાર્થીઓની ઇન્ટરનલ પરીક્ષાની તમામ ઓરીજીનલ ઉત્તરવહીઓ, આંતરીક કસોટીના એક્ઝામીનર તથા પરીક્ષા સુપરવાઇઝરોના નામની યાદી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓના લેખિત નિવેદનો તથા અધ્યાપકોની સામે શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવી તે બાબતના તેમના ખુલાસાઓનો અભ્યાસ કરી યોગ્ય તે તપાસ કરતા ચર્ચા વિચારણા બાદ નીચે મુજબના અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીને ખોટી રીતે ઇન્ટરનલ પરીક્ષામાં પાસ કરવામાં મદદ કરી હતી તે ફલીત થતા સમિતિ દ્વારા અધ્યાપકો તથા વિદ્યાર્થીને નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ભલામણ કરે છે.

૧. શ્રી કામીલ ડાભી દ્વારા તેમના નિવેદનમાં જણાવ્યા અનુસાર General English વિષયના પેપરમાં બેઠક ક્રમાંક ૦૬ની ઉત્તરવહી તપાસ્યા વગરની હતી તથા તેને શ્રી કામીલ ડાભી દ્વારા ચકાસતા જણાવેલ હતું કે વિદ્યાર્થીને ૦૪ માર્કસ કે ૦૫ માર્કસ આપી શકાય, તેમ છતા તેમના દ્વારા જમા કરાવેલ ઇન્ટરનલ માર્કશીટમાં ૦૬ નંબરના વિદ્યાર્થીના ૧૨ માર્કસ મુકવામાં આવેલ હતા. જેથી ૦૬ નંબરનો વિદ્યાર્થી નાપાસ થતો હતો છતા તેને પાસ કરવામાં મદદ કરી ગેરરીતી આચરેલ છે. વધૂમાં શ્રી કામીલ ડાભીના નિવેદનને ધ્યાને લેતા રોલ નંબર ૦૭ માં દ્વિતીય સેમેસ્ટરની જગ્યાએ પ્રથમ સેમસ્સ્ટરની ઉત્તરવહી હતી તથા તેની ઉપર ૧૪ માર્કસ મુકેલ હતા છતા તેમના દ્વારા ઇન્ટરનલ માર્કશીટમાં ૧૪ માર્કસ દર્શાવી ખોટી ઉત્તરવહીના માર્કસ મોકલી વિદ્યાર્થીને ખોટી રીતે પાસ કરવામાં મદદ કરી ગેરરીતી આચરેલ છે. શ્રી કામીલ ડાભી દ્વારા ઉપરોક્ત તમામ ગંભીર ગેરરીતીઓ આચરી હોવાથી સમિતિ શ્રી કામીલ ડાભીની અધ્યાપક તરીકેની યુનિવર્સિટી માન્યતા રદ કરવા ભલામણ કરે છે.
૨. શ્રી અમિત સેમ્યુઅલ રોયના નિવેદનોને ધ્યાને લેતા ઇન્ટરનલ પરીક્ષા Indian Society વિષયનું પેપર તારીખ : ૦૭/૦૩/૨૦૧૮ના રોજ હતું પરંતુ જુનિયર સુપરવાઇઝર તથા વિદ્યાર્થીની સહિ તારીખ : ૦૫/૧૦/૨૦૧૭ દર્શાવેલ હતી. વધૂમાં શ્રી નયન પરમાર દ્વારા તેમના લેખિત નિવેદનમાં જણાવેલ છે કે તેમને જે સહિ કરેલ છે તે પુરી રીતે ચકાસીને સહિ કરેલ છે. તે સાચી તારીખ છે તેમ છતા શ્રી અમિત રોય સદર પરીક્ષામાં જુનિયર સુપરવાઇઝર પણ હતા. જેથી તેમની જગ્યાએ નયન પરમાર દ્વારા સહિ કરેલ ઉત્તરવહી તેઓ દ્વારા વિદ્યાર્થીને કેમ આપવામાં આવી તથા તે ઉત્તરવહી ઉપર જુની તારીખો દર્શાવેલ હતી તો તેની જાણ આચાર્યશ્રીને કરવામાં ન આવતા તથા તેઓ દ્વારા વિદ્યાર્થીના માર્કસમાં વધારો કરી વિદ્યાર્થીને ખોટી રીતે લાભ પહોંચાડવાનો પ્રયત્ન કરેલ હોય સમિતિ દ્વારા શ્રી અમિત રોયને ત્રણ વર્ષ માટે યુનિવર્સિટી પરીક્ષાઓ તથા કોલેજની આંતરીક પરીક્ષાઓ માંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવા ભલામણ કરે છે.
૩. શ્રી મિતુલ પટેલના લેખિત નિવેદનને ધ્યાને લેતા શ્રી મિતુલ પટેલ દ્વારા શ્રી જીગર સોલંકીને કે જે ઇન્ટરનલ પરીક્ષામાં નાપાસ થતો હોય બોલાવીને અમુક વિષયની સપ્લીમેન્ટ્રી ફરી લખાવેલ હતી. તથા તેના માર્કસ વધાર્યા હતા, જનરલ ઇંગ્લીસ વિષયમાં સપ્લીમેન્ટ્રી જુના સેમેસ્ટરની ઉત્તરવહી મૂકી હતી, ઇન્ડીયન સોસાયટીમાં પણ પહેલા સેમેસ્ટરની ઉત્તરવહી મોકલાવી હતી, ફેમીલી સોશ્યલ વર્ક વિષયમાં વિદ્યાર્થીના માર્કસ ૧૦ હતા એના ૦૨ માર્કસ વધારી ૧૨ માર્કસ કર્યા હતા. જનરલ સાયકોલોજી એન્ડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટમાં વિદ્યાર્થીના ૦૨ માર્કસ હતા પરંતુ વિદ્યાર્થીને પાસ કરવા ૧૯ માર્કસ મૂક્યા હતા. સોશ્યલ પ્રોબ્લેમ ઇન ઇન્ડિયા વિષયમાં વિદ્યાર્થીના ૦૪ માર્કસ કરતા વધુ માર્કસ ન આવે પરંતુ એના ૧૬ માર્કસ કર્યા હતા. સદર કોલેજના આચાર્યશ્રી તરીકે શ્રીમતિ જ્યોતિકાબેન છે પરંતુ શ્રી મિતુલ પટેલ બધી જવાબદારી અને યુનિવર્સિટીમાં આચાર્યની જગ્યાએ તમામ પત્રવ્યવહાર કરે છે તથા શ્રી જીગર સોલંકીની બાબતમાં ભુલ થતા ગેરરીતી તથા બેદરકારી કરેલ છે તેનો તેઓ સ્વિકાર કરેલ છે. સદર તમામ વિગતો થી ફલીત થાય છે કે

શ્રી જીગર સોલંકી જે ઇન્ટરનલ પરીક્ષામાં નાપાસ થતો હતો તેમ છતા શ્રી મિતુલ પટેલ દ્વારા ખોટી રીતે પાસ કરવામાં મદદ કરી ગેરરીતી આચરેલ છે. શ્રી મિતુલ પટેલ દ્વારા વિદ્યાર્થીની ઇન્ટરનલ પરીક્ષાની ખોટી ઉત્તવહીઓ ઉભી કરી યુનિવર્સિટીમાં જમા કરાવી યુનિવર્સિટી સાથે છેતરપીંડી કરેલ છે. ગેરરીતી આચરેલ છે. શ્રી મિતુલ પટેલ દ્વારા ઉત્તરવહીઓ ઉપર તેમની કોલેજના અધ્યાપકોની ખોટી જાતે સહિઓ કરી ખુબજ ગંભીર ગેરરીતી આચરેલ છે. શ્રી મિતુલ પટેલ દ્વારા તેમની કોલેજના આચાર્યશ્રી શ્રીમતિ જ્યોતીકાબેન પટેલને નિયુક્ત કરેલ હોવા છતા તેમની જગ્યાએ આચાર્યશ્રી તરીકે પોતાની સહિઓ કરી યુનિવર્સિટીમાં પત્ર વ્યવહાર કરેલ છે. જે ખુબજ ગંભીર બાબત છે. શ્રી મીતુલ પટેલ દ્વારા ઉપરોક્ત તમામ ગંભીર ગેરરીતીઓ આચરી હોવાથી સમિતિ શ્રી મીતુલ પટેલની અધ્યાપક તરીકેની યુનિવર્સિટી માન્યતા રદ્દ કરવા ભલામણ કરે છે.

૪. શ્રી જીગર સોલંકી ના નિવેદનને ધ્યાને લેતા શ્રી જીગર સોલંકી કે જેઓ ઇન્ટરનલ પરીક્ષામાં નાપાસ થતા હોય અધ્યાપકો સાથે મીલીભગત કરી ગેરરીતી આચરી પાસીંગ માર્કસ મેળવેલ હોય સમિતિ તેઓનું કોલેજ દ્વારા લેવાયેલ બી.એસ.ડબલ્યુ. દ્વિતીય સેમેસ્ટરની તમામ ઇન્ટરનલ પરીક્ષાનું પરીણામ રદ્દ કરવા, યુનિવર્સિટી પરીક્ષાઓનું તમામ વિષયનું પરીણામ રદ્દ કરવા તથા બી.એસ.ડબલ્યુ. દ્વિતીય સેમેસ્ટરમાં પુનઃ પ્રવેશ મેળવવા ભલામણ કરે છે.

**સદર બાબતે શ્રી અલ્પેશ પુરોહિત અને શ્રી બિપીનચંદ્ર પી. પટેલે વિરોધ નોંધાવ્યો હતો.**

**૨૦. ઓક્ટોબર/નવેમ્બર/ડીસેમ્બર -૨૦૧૮ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા. ૨૧/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ :૭ પૃઃ તા. ૨૧/૦૧/૨૦૧૯ની પરીક્ષા શુદ્ધિ સમિતિની કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે ઓક્ટોબર/નવેમ્બર/ડીસેમ્બર-૨૦૧૮ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા.૨૧/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો મંજૂર કરવી.**

**૨૧. આગામી તારીખ : ૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાનારા ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભ સમયે માનનીય શ્રી નીરંજન એસ. શાહ, ચેરમેન ગ્લોબેટ્રોટર્સ એન્જીનીયરીંગ કોર્પોરેશન, શિકાગો તેઓશ્રીએ સમાજ કલ્યાણ ક્ષેત્રે પ્રદાન કરેલા વિશિષ્ટ ફાળાથી પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને પ્રતિષ્ઠાને લક્ષમાં લઇ ડી.લિટ. (ડૉકટર ઓફ લેટર્સ) (Honoris-causa) ની માનદ્ પદવી એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત. (બિડાણ :૮ પૃ:૮૩ થી ૧૦૦)**

**આથી ઠરાવવામાં આવે છે કે આગામી તારીખ : ૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાનારા ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભ સમયે માનનીય શ્રી નીરંજન એસ. શાહ, ચેરમેન ગ્લોબેટ્રોટર્સ એન્જીનીયરીંગ કોર્પોરેશન, શિકાગો તેઓશ્રીએ સમાજ કલ્યાણ ક્ષેત્રે પ્રદાન કરેલા વિશિષ્ટ**

ફાળાથી પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને પ્રતિષ્ઠાને લક્ષમાં લઇ ડી.લિટ. (ડૉકટર ઓફ લેટર્સ) (Honoris-causa) ની માનદ્ પદવી એનાયત કરવાની બાબત હાલ અનિર્ણિત રાખવી.

**૨૨. આગામી તારીખઃ૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાનારા ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભ સમયે માનનીય સાધુ ભદ્રેશદાસજી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્ટીટ્યુટ, સ્વામિનારાયણ અક્ષરધામ, નોયડા, ન્યુ દિલ્હી તેઓશ્રીએ શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન કરેલા વિશિષ્ટ ફાળાથી પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને પ્રતિષ્ઠાને લક્ષમાં લઇ ડી.લિટ. (ડૉકટર ઓફ લેટર્સ) (Honoris-causa) ની માનદ્ પદવી એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત. (બિડાણ :૯ પૃઃ૧૦૧ થી ૧૧૫)**

**આથી ઠરાવવામાં આવે છે કે આગામી તારીખઃ૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાનારા ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભ સમયે માનનીય સાધુ ભદ્રેશદાસજી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્ટીટ્યુટ, સ્વામિનારાયણ અક્ષરધામ, નોયડા, ન્યુ દિલ્હી તેઓશ્રીએ શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન કરેલા વિશિષ્ટ ફાળાથી પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને પ્રતિષ્ઠાને લક્ષમાં લઇ ડી.લિટ. (ડૉકટર ઓફ લેટર્સ) (Honoris-causa) ની માનદ્ પદવી એનાયત કરવાની બાબત હાલ અનિર્ણિત રાખવી.**

**(જનરલ વિભાગ)**

**૨૩.** શ્રી મુળજીભાઇ પટેલ કીડની હોસ્પીટલ , નડિયાદ અને ઇન્દુકાકા ઇપ્કોવાલા સેન્ટર ફોર ઇન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝ ઇન સાયન્સ એન્ડ ટેકનોલોજી (IICISST), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેડીંગ કરવા માટે તૈયાર કરેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ :૧૦ પૃઃ૧૧૬ થી ૧૧૮)**

**આથી ઠરાવવામાં આવે છે કે** શ્રી મુળજીભાઇ પટેલ કીડની હોસ્પીટલ, નડિયાદ અને ઇન્દુકાકા ઇપ્કોવાલા સેન્ટર ફોર ઇન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝ ઇન સાયન્સ એન્ડ ટેકનોલોજી(IICISST), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેડીંગ કરવા માટે તૈયાર કરેલ દરખાસ્તને મંજૂર કરવી.

**વધુમાં કુલપતિશ્રીએ નીચેની ચાર બાબતો રજૂ કરી હતી અને સભાગૃહને માહિતી આપી હતી.**

**૧. યુનિવર્સિટીનો ૬૨મો વાર્ષિક અહેવાલ**

**૧. દરેક સભ્યશ્રીઓને ઇ-મેલ દ્વારા ૬૨મો વાર્ષિક અહેવાલ સોફ્ટ કોપી મોકલી આપી છે.**
**૨. વાર્ષિક અહેવાલની હાર્ડ કોપી ત્રણ સેટ સભામાં રજૂ કરવામાં આવ્યા છે.**
**૩. આજે, દરેક સભ્યશ્રીઓને વાર્ષિક અહેવાલની સી.ડી આપવામાં આવી છે.**
**૪. ૧૦(દસ) દિવસમાં વાર્ષિક અહેવાલમાં સુધારા વધારા હોય તો સૂચવવા.**

**૨. યુનિવર્સિટીની માલિકીની જમીન સીટી સર્વે નંબરઃ૧૫૦૯(ત્રિકોણ આકાર જમીન)ખાતે રાજય સરકાર શ્રી તરફથી ગ્રાન્ટ રૂા. ૩ કરોડ અંતર્ગત ઇન્ટરનેશનલ હોસ્ટેલ બાંધકામ સંદર્ભે યુનિવર્સિટી દ્વારા** N.A

પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ટૂંક સમયમાં 'અવકૂડા' તરફથી પરમીશન મળ્યે, હોસ્ટેલ બાંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩. યુનિવર્સિટી કોલોની માં બહુમાળી રહેણાંક સંકુલ માટે રાજ્ય સરકારશ્રી તરફથી રૂા. ૧૦ કરોડની ગ્રાન્ટ ની ફાળવણીની સૈધ્ધાંતિક મંજૂરી મળી છે.

૪. વધુમાં મલ્ટી પર્પઝ ઓડીટોરીયમ માટે રૂ.૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

સભાએ ઉપરોક્ત બાબતની નોંધ લીધી હતી.

નંબરઃ કે.૪/ ૬૨૪૬

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ૦૮/૦૨/૨૦૧૯

કા. કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.